આજે મતદાન VOTE વોટ ફોર ઈન્ડિયા

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૪૮ | ૩૦ એપ્રિલ, ૨૦૧૪, બુધવાર; વૈશાખ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# આજે ગાંધીનગરમાં મતદાન

## ૨૦૯૪ કિ.મી.માં પથરાયેલ આ સંસદીય મતવિસ્તાર પર ૧૮ ઉમેદવારો મેદાનમાં છે : ૧૫૦ માઈક્રો ઓબ્ઝર્વર ચાંપતી નજર રાખશે : ૪૯ ટકા જેટલા યુવા મતદારો પરંતુ નિરસ વાતાવરણ, ગત ચૂંટણી કરતાં ૧૦ ટકા મતદાન વધે તેવા અનુમાનો પણ હિટવેવ મોટો પડકાર

ગાંધીનગર, તા. ૨૯

ચૂંટણી પંચની સફળ પ્રયોગશાળા તરીકેની આગવી ઓળખ ધરાવતા ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં મતદાન માટેની સંપૂર્ણ તૈયારીઓ સંપન્ન થઈ ચુકી છે. આ બેઠક પર ૧૮ ઉમેદવારોએ પોતાનુ નસીબ અજમાવ્યુ છે. ૧૭ લાખ ૩૩ હજારથી વધુ મતદારો ધરાવતા આ સંસદીય મતવિસ્તાર મતદારોની દ્દષ્ટિએ રાજ્યમાં બીજો ક્રમ ધરાવે છે.

૨૦૯૪ સ્કવેર કિલોમીટરમાં પથરાયેલ આ સંસદીય મતવિસ્તારમાં ૧૭૭૦ પોલીંગ સ્ટેશન નિયત કરવામાં આવ્યા છે જે ૬૬૫ સ્થાનો પર છે.

આ ચૂંટણીમાં પહેલીવાર વી.વી. પેટનો ઉપયોગ પંચ દ્વારા થઈ રહ્યો છે જેને લઈ મતદારોમાં થોડીક ઉત્સુકતા જરૂર છે પરંતુ બીજી તરફ તંત્રને પણ આને લઈ ધીમુ મતદાન થવાનો ભય સતાવી રહ્યો છે. બે બેલેટ યુનિટ સાથે આ વી.વી. પેટના ઉપયોગને લઈ ખાસ મતકુટિરો પણ નવી બનાવવામાં આવી છે.

સામાન્યતઃ ઈ.વી.એમ.માં મતદાન માટે ૧૨ સેકન્ડ જેટલો સમય મતદારને થતો હોય છે. વી.વી. પેટ પર સાત સેકન્ડ સુધી મતદારે આપેલ મત સ્ક્રીન પર દેખાવાનો હોવાથી એક મતદારને ૨૦ સેકન્ડ જેટલો સમય લાગશે. જેથી એક મિનિટમાં માત્ર ૩ જ મતદાર મતદાન કરી શકશે તેની ચિંતા તંત્રને છે.

આજે સાંજના સાત વાગ્યા સુધીમાં ૯૫ ટકાથી પણ વધુ મતદાન મથકો વી.વી. પેટના જોડાણ સાથે તૈયાર કરી દેવામાં આવ્યા છે અને નવ વાગ્યા સુધીમાં બધા જ મતદાન મથકો તૈયાર થઈ જશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

લોકસભાની આ ચૂંટણીમાં મતદાનની ટકાવારી વધે તે માટે વોટર્સ સ્લીપનું વિતરણ પંચ દ્વારા કરવામાં આવ્યુ છે પરંતુ જે રીતે હીટવેવ છવાયો છે તેને જોતાં મતદાનની

● અનુસંધાન પાન-૭ પર

## લોકસભાની સામાન્ય ચૂંટણીઓ, ૨૦૧૪ તથા વિધાનસભાની પેટા ચૂંટણી

ભારતના ચૂંટણી પંચ તરફથી લોકસભાની સામાન્ય ચૂંટણીઓ તથા ૧-અબડાસા, ૬-રાપર, ૨૭-હિંમતનગર, ૮૭-વિસાવદર, ૯૦-સોમનાથ, ૯૬-લાઠી અને ૧૫૭-માંડવી (અજજા) વિધાનસભા મતવિભાગની પેટા ચૂંટણીઓ માટે જાહેર કરવામાં આવેલ કાર્યક્રમ અનુસાર તા. ૩૦/૪/૨૦૧૪ને બુધવારના રોજ સવારના ૭-૦૦ થી સાંજના ૬-૦૦ સુધી મતદાન યોજાનાર છે. મતદાન મથકે મતદાન માટે આવનાર મતદારે પોતાની ઓળખ માટે મતદાર ફોટો ઓળખકાર્ડ (EPIC) રજૂ કરવાનું રહેશે, તે પ્રમાણે ભારતના ચૂંટણી પંચે નિર્દેશ કરેલ છે. પરંતુ જો કોઈ મતદાર તેનું મતદાર ફોટો ઓળખકાર્ડ (EPIC) રજુ ના કરી શકે તો તેની અવેજીમાં મતદાન અર્થે મતદાન મથકે મતદાર પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી શકે તે માટે નીચે દર્શાવેલ વૈકલ્પિક દસ્તાવેજી પુરાવાઓ ભારતના ચૂંટણી પંચે માન્ય રાખેલ છે.

(૧) પાસપોર્ટ
(૨) ડ્રાઈવીંગ લાયસન્સ
(૩) રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર, જાહેર સાહસો, પબ્લીક લીમીટેડ કંપનીઓ તરફથી તેઓના કર્મચારીઓને આપવામાં આવતાં ફોટા સાથેનાં ઓળખકાર્ડ
(૪) બેન્ક અને પોસ્ટ ઓફીસ તરફથી આપવામાં આવતી ફોટો સાથેની પાસબુક
(૫) ઈન્કમટેક્ષ (PAN) ઓળખકાર્ડ
(૬) આધાર કાર્ડ
(૭) નેશનલ પોપ્યુલેશન રજીસ્ટર (NPR) હેઠળ RGI તરફથી આપવામાં આવેલ સ્માર્ટકાર્ડ
(૮) MNREGA હેઠળ આપવામાં આવેલ જોબ કાર્ડ.
(૯) શ્રમ મંત્રાલય તરફથી આપવામાં આવેલ ફોટા સાથેના હેલ્થ ઈન્સ્યુરન્સ સ્કીમના સ્માર્ટ કાર્ડ.
(૧૦) ફોટા સાથેના પેન્શન પ્રમાણપત્રો
(૧૧) ચૂંટણી તંત્ર તરફથી આપવામાં આવેલ અધિકૃત ફોટા સાથેની મતદાર કાપલી.

આથી તા. ૩૦/૪/૨૦૧૪ના રોજ લોકસભાની સામાન્ય ચૂંટણી, ૨૦૧૪ તથા સાત વિધાનસભા મત વિભાગની પેટા ચૂંટણીમાં મતદાન મથકે જે મતદાર ફોટો ઓળખકાર્ડ (EPIC) રજૂ ના કરી શકે તો તે મતદાર ઉપર જણાવેલ દસ્તાવેજી પુરાવાઓ કે જેનાથી મતદારની ઓળખ નક્કી થઈ શકે તે પૈકી કોઈ એક પુરાવો રજૂ કરી મતદાન કરી શકશે.

**અનીતા કરવલ**
**મુખ્ય ચૂંટણી અધિકારી**
**ગુજરાત રાજ્ય**

માહિતી/૨૦/૧૪-૧૫


આપણો સાંસદ કેવો જોઈએ

૮૭ વર્ષનો કે પછી ૪૭નો



અરવિંદ કેજરીવાલ




રીતુરાજ મેહતા

AAP ગાંધીનગર લોકસભા ઉમેદવાર

આમ આદમી પાર્ટી ઝાડુ


# શ્રદ્ધાંજલિ
## પ્રથમ પુણ્યતિથિ



**સ્વ. ફકીરભાઈ વાઘેલા**
**સ્વર્ગવાસ તા. ૩૦/૪/૨૦૧૩**

સમાનતા, સ્વમાનતા અને બંધુતાના અડગ પ્રહરી, દલિતોના હક અને અધિકાર માટે ઝઝુમીને પોતાના દેહની પરવા કર્યા સિવાય છેલ્લા શ્વાસ સુધી ચિંતન, મનોમંથન કરતા રહ્યા એવા દિવંગત નેતા શ્રી ફકીરભાઈ વાઘેલાના જવાથી સમગ્ર દલિત સમાજ આજે પણ ખાલીપો અનુભવે છે. દિવંગતની પ્રથમ પુણ્યતિથિએ તેમના પુણ્યાત્માને ભગ્ન હૃદયે શ્રદ્ધા સુમન અર્પણ કરવા અચૂક મતદાન કરીએ.

### સ્વર્ગસ્થના ઋણાનુરાગી

ગં.સ્વ. શ્રી કુંવરબેન ફકીરભાઈ વાઘેલા (પત્ની)

જીતેશકુમાર વાઘેલા (પુત્ર)
અલ્પેશકુમાર વાઘેલા (પુત્ર)
નયનકુમાર સોલંકી
ગૌરીબેન જીતેશકુમાર વાઘેલા (પુત્રવધુ)
જાગૃતિબેન અલ્પેશકુમાર વાઘેલા (પુત્રવધુ)
રાજવીર, હિતાર્થ, પ્રિયંકા

### દલિત અધિકાર સંઘ પરિવાર

**ઉપપ્રમુખશ્રીઓ**
દેવજીભાઈ પરમાર (પાટણ)
લાલજીભાઈ સોલંકી (જામનગર)
સવિતાબેન શ્રીમાળી (અમદાવાદ)
બાબુભાઈ રાવલીયા (જુનાગઢ)
મુળજીભાઈ રોહિત (નર્મદા)
કાળુભાઈ આરસોડીયા (બનાસકાંઠા)
મુકેશભાઈ પરમાર (કલોલ)

**સંગઠન મંત્રીશ્રીઓ**
જી. બી. વાણિયા (કચ્છ)
વિનોદભાઈ સોલંકી (વડોદરા)
કું. જ્યોતિબેન બગડા (સુરેન્દ્રનગર)
છગનભાઈ પરમાર (ઈડર)
નરેશભાઈ મારૂ (ચોટીલા)

**મહામંત્રીશ્રીઓ**
દિનેશભાઈ મકવાણા (અમદાવાદ)
મોહનભાઈ બોરીચા (ભાવનગર)
ડો. રમણભાઈ પરમાર (સુરત)
એન. ટી. રાઠોડ (ડીસા)
સુરેશભાઈ મકવાણા (નવસારી)
હંસાબેન શ્રીગોળ (આણંદ)

**મંત્રીશ્રીઓ**
જેઠાભાઈ વણકર (ખેડા)
હંસાબેન ગોહિલ (જુનાગઢ)
રમેશભાઈ પરમાર (મહેસાણા)
જશોદાબેન સોનારા (વડોદરા)
મધુબેન સેનવા (મહેસાણા)
મનોહર બાબરીયા (રાજકોટ)
દર્શનાબેન વાઘેલા (અમદાવાદ)

ડો. રમણભાઈ વાઘેલા - કોષાધ્યક્ષ (અમદાવાદ)
ધર્મેન્દ્રભાઈ ભાલકીયા - લીગલ એડવાઈઝર (ગાંધીનગર)

**સલાહકારશ્રીઓ**
વિઠ્ઠલભાઈ શ્રીમાળી (ખેડા)
લાખાભાઈ બગડા (રાજકોટ)
મોહનભાઈ સોલંકી (અમદાવાદ)
કેસરબેન પરમાર (અમદાવાદ)
જીતુભાઈ મકવાણા (ખેડા)
જીતેન્દ્રભાઈ અમીન (પાંડવા)
પ્રદિભાઈ પરમાર (અમદાવાદ)
નરેન્દ્રભાઈ પરમાર (અમદાવાદ)

**મતદાન**
માત્ર હક્ક નહી, કર્તવ્ય છે...